શ્રી

સંગીત શાન્તિસરોવર.

ભાગ ૧ લો.

રચનાર

મર્હુમ ભકત કવિ આત્મારામજી ખુશાલરામ.

(ઝારોળા બ્રાહ્મણ.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

દ્વિવેદી વેણીરામ દલપતરામ માસ્તર.

શારદા ક્રિડન કલબના વ્યવસ્થાપક.

મુ૦ સિદ્ધપુર. (ગુજરાત.)

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૭. આશ્વિનપૂર્ણિમા.

મૂલ્ય રૂ. ૦—૪—૦

અમદાવાદઃ
પીરમસા રોડ ઉપર નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસમાં
લલ્લુભાઈ ઈશ્વરભાઈ ત્રિવેદીએ છાપ્યું.

અર્પણ પત્રિકા.

સદ્વિચારપરાયણ, સર્વ શુભ ગુણ સંપન્ન, સ્વધર્માનુરાગી, પ્રિય સજ્જન શ્રીયુત ભાઇશ્રી નર્મદાશંકર પ્રહલાદજી રાવળ.

શ્રી નિવાસ સિદ્ધપુર.

અતિ ઉચ્ચ જેની માનસ સૃષ્ટિ છે. નિરંતર પવિત્ર અને શુભ વૃતિઓ જેના હૃદય પ્રદેશમાં ઉદ્ભવે છે. એવા સત્શાસ્ત્ર અને સત્પુરૂષોના બોધક વચનોમાં શ્રદ્ધાવાળા આપને “ સંગિત શાન્તિ સરોવર ” નામનું આ લઘુ પુસ્તક અર્પણ કરૂં છું, તે સ્વિકારવા કૃપાવંત થશો !

હું છું આપનો.

આશ્વિન પૂર્ણિમા. સંવત ૧૯૬૭	વે. દ. દવે. શા. ક્રિ. ક. ના વ્યવસ્થાપક. સિદ્ધપુર.



પ્રસ્તાવના.

પ્રિય ભારતબંધુઓ આ આપણી પવિત્ર ભારતભુમિમાં ભક્તિએ કરીને નારદજી, નરસિંહ મેતા, કબીરજી, સુરસ્યામ, વિષ્ણુદાસ વિગેરે એ એક શીવાય બીજા ઘણુએક પ્રેમી ભક્તો થઈ ગયા છે. માટે ભક્તિ એ સર્વમાં શ્રેષ્ઠ દરજ્જે ઊત્તમ ગણાઇ છે. કારણકે ભક્તિથી મનનું એકયતા છે. અર્થાત આ સંસારરૂપી ભયંકર અરણ્યમાં ભટકનારા જીવરૂપી પ્રવાસીને તેના મુળ બ્રહ્મ પદને જાણવાનો માર્ગ શ્રદ્ધા એ માયીક જગ્યાનો અફાટ સાગરમાં રાત્રિના સિહા અંધકારમાં તુટી પડેલો આત્મારૂપી જહાજમાં ચિદાનંદ અને સતત સુખના આશ્ચર્ય સાથે દેખાતો ઉજ્વલ પ્રકાશ છે. આ એકજ વિશ્વાસ ઉપર જગતમાં સર્વ ધાર્મિક પદ્ધતિ પ્રકાશીત જોવામાં આવે છે પણ તે વેદાંતના ઊચ્ચત્તર તત્વોથી ઘડેલો હોય, કીંવા મુઢ જાતિની તદન અજ્ઞાન સ્થિતિમાં પુજા અર્ચને કરીને સ્થાપેલો હોય ગમે તેમ હોય પણ જે મુખ્ય પાયા ઊપર તે દર્શનીય છે. તે પાયો વિશ્વાસજ છે વિશ્વ આધારથી જ્ઞાનની મોટી ઇમારત દઢ બાંધેલી છે હવે ભક્તિ એટલે શું તે જાણવાની જરૂર છે. ભક્તિ એટલે અનંત પ્રીતી છે. જે વસ્તુ સાથે આપણે અસંત પ્રીતિ કરીએ છીયે તેજ વસ્તુ આપણી પ્રીતિનું પૂર્વ સ્વરૂપજ હોય છે. એ ધોરણથી સ્વસ્ત્રી એટલે આપની અર્ધાગના અને સંતતી એ આપણે પોતાનું અંગ ગણીયે છીયે પણ તેટલાજ પ્રમાણની પ્રીતિ જો તે સદાનંદ પરબ્રહ્મ સાથે રાખીયે તો આ જન્મ મરણ ભવાટવિના ફેરામાંથી નિશ્ચય આપણી મુક્તિ થઇ. તેજ આપણી પ્રીતિનું પૂર્વ સ્વરૂપ બને છે. દરેક મનુષ્યોને

તેના પૂર્વજોએ ભક્તિ કેવી રીતે સંપાદન કરી હતી, ને જગતમાં વિવિક્ષીત ધર્મ પદ્ધતિ કેવી રીતે સ્થાપેલી હતી તે જાણવું ઘણું મહત્વનું છે.

પરમેશ્વર પ્રાપ્તિ કારણાર્થે જ્યારે પૂર્વે કર્મયોગ, જ્ઞાનયોગ, ધ્યાન યોગ, સંન્યાસયોગ અને ભક્તિયોગ વિગેરે કહેલા હતા.

ત્યારે તે સર્વમાં ભક્તિયોગ, અથવા ભક્તિમાર્ગ જે આપણા પૂર્વજોથી પ્રાદુર્ભુત થયો છે, અને તેજ સર્વમાં સુલભ અને વ્યવસ્થિત થયો છે બીજા યોગો કરતાં આ યોગ એકાદ સાધારણ અશિક્ષિત (અભણ) મનુષ્યો પણ હોય છે. ભક્તિયોગ પદ્ધતિ પ્રમાણે હોવાને લીધે તેમાં દરેક મનુષ્ય તલ્લિન બની રહે છે પણ તે શિવાયના બીજા યોગો વિકટ અને ઘાતક જણાય છે કારણકે બીજા યોગોને પ્રાપ્ત કરવા સર્વે ઇંદ્રીયોને નિયમમાં રાખવાની જરૂર રહે છે. સર્વ વસ્તુઓમાં વિત્તરાગ (વૈરાગ્ય) વૃત્તિ થવી જોઇએ. ને પ્રાણાયામ કરતાં જાણવું જોઇએ. પરંતુ ભક્તિયોગની તેવી જરૂર નથી. માત્ર પંચેદ્રિયોમાં શુદ્ધ પ્રેમની વૃત્તિઓથી સાવધપણે રહેવું જોઇએ એટલું થયું અને એનાથીજ ભક્તજનો તે જે મુર્તિની પુજા કરે છે તેજ માહાન કૃપાળુ સાક્ષાત્ પરમાત્મા પુરણબ્રહ્મ પુરાણ પુરૂષોતમ છે. એવો પૂર્ણ વિશ્વાસ દૃઢ થાય છે તે પોતાની મુર્તિને ઘણાં મુલ્યવાન આભુષણોથી અલંકૃત કરી વિમળ પ્રેમે કરી પોતાના પવિત્ર હૃદયમાં સ્થાપિત કરે છે. અને દૃષ્ટી ધારણા કરે છે તેમના ગુણોની મધુર કથા અને સંગિત રસિક પદોથી ધ્યાન કરે છે અથવા તો શ્રવણ કરે છે અને તેમને ધરાવેલા માહાપ્રસાદોને જાણે તેમને ગ્રહણ કર્યો એવી વિમળ ભાવના કરી અવશેષ રહેલા પ્રસાદનું ભક્તિ પૂર્વક સેવન કરે છે આ ઉપરથી એમ સ્પષ્ટ સમજાય છે કે ભક્તિએ કરી

મૂર્તિ તરફ પરમેશ્વરનું ધ્યાન કરતાં આવડે છે. અણુસમજુ (અજ્ઞાત) માણસોની બુદ્ધિમાં ફકત દર્શન શિવાય કદાપિ પરમેશ્વરના અનાદ્યંત અને નિરાકાર સ્વરૂપની કલ્પના સુદ્ધાં કરી શકાશે નહિ. જેમકે એકાદ અવિદ્ય માણસ કાંકરા અથવા તો પોતાની હાથની આંગળીયોના વેઢાથી ગમે તેવો કઠણ હિસાબ વગર ભુલે કરી શકે છે. અને વળી બીજું એ કે બચ્ચાંઓને રંગોની ઓળખામણી કરાવવા તે તે રંગો બતાવવાની જરૂર પડે છે તેજ પ્રમાણે મુર્તિથી પરમેશ્વરની કલ્પના થઇ શકે છે માટે મુર્તિ એ પરમેશ્વરની કલ્પના થાયછે, પણ મોટી દુર્દૈવની વાત એ છે કે મુર્તિ એ પરમેશ્વરના સ્વરૂપની કલ્પના કરવા સારૂ છે એવું હોવા છતાં અદ્યાપિ પર્યંત કેટલાંક અસંખ્ય માણસો મુર્તિ પુજા પદ્ધતિ નાશ કરવા ખોટાં વિવાદ યુદ્ધ કરે છે. મુર્તિ એ અત્યંત ઉપયોગી છે કારણકે તેમનું સ્મરણ કરવાથી ગમે તે વખતે આપણને દશ્યભૂત થાય છે અને તેથીજ કરીને આપણો અવિચળ પ્રેમ તેમના પ્રત્યે અધિક વધતો જાય છે. સમજો કે એકાદી વસ્તુ તરફ અથવા તો એકાદ જણના ગુણનું વર્ણન સાંભળી તમારા હૃદયમાં તે વિષેનો પ્રેમ ઉત્પન્ન થયો પણ તે વ્યક્તિને તમો જાણી શકતા નથી તેથી તમારો જેટલો વધારવા ધારો તેટલો વધિ શકતો નથી. પરંતુ એકાદ વખત જ્યારે તે તમોને જણાશે અને તમોને તેમનું સ્મરણ થશે તો તે તમારી દૃષ્ટી સનમુખ જણાશે તેવીજ રીતે આત્મા એ પરમેશ્વરના અંશની છાયાછે પણ માયાનો પડદો આડો હોવાથી વૃત્તિ અને પ્રવૃત્તિ કરીએ તે મુળ સ્વરૂપને જાણી શકતા નથી, પણ જ્યારે તે માયિક વસ્તુઓનો ક્ષય થાય ત્યારેજ પરમેશ્વરનું સત્ય સ્વરૂપ જણાય છે. ત્યારે જ્યાં સુધી મનુષ્યો એ માયાનો પડદો દુર કરી શકતા નથી ત્યાં સુધિ તેને બિલકુલ સુખ નથી. મનનો સ્વભાવ એવો

ચંચળ છે કે તે સતત કંઇને કંઇક એકાદ વસ્તુ તરફ લાગ્યોજ રહે છે જ્યારે તેવું મન સર્વ કર્મોથી શુદ્ધ થાય ત્યારેજ તે ઊંચ વિચાર શક્તિએ કરી અને અત્યંત શ્રધાપૂર્વક ઇશ્વરની ભક્તિએ કરી તદ્રુપ રૂપમાં લુપ્ત થાય છે ત્યારેજ મોક્ષ ગતિને પમાય છે તે શિવાય એક મર્કટની મારફ આ ડાળીપરથી પેલી ડાળીપર જેમ કુદેછે તેવીજ રીતે મનુશ્યો આ સંસારરૂપી વૃક્ષની આશારૂપી ડાળીયોપર એક તરફથી બીજી તરફ કુદયા કરે છે ત્યાં સુધી સુખની આશા રાખવી વ્યર્થ છે. હવે ભક્તિના બે માર્ગ છે. એક પ્રતિકા (વ્યક્તી) અને બીજી પ્રતિમા એટલે મુર્તિ પુજા વ્યક્તિ પુજા એટલે જે આપણા જીવન સંગ્રામમાં જય મેળવેલો છે એવા મહાત્મા અથવા તો સાધુ એવા મોટા પુરૂષોની પુજા જે દેશોમાં ભક્તિનું બીજ રોપણ થયેલું છે, તે રાષ્ટ્રની ધાર્મિક પદ્ધતિ પ્રગતિ પ્રગલ્ભ થઇ હોય તો આ વ્યક્તિ પુજા સુચક છે.

મુખ્યત્વે કરીને આપણા દેશમાં પૂર્વકાળમાં આ વ્યાક્ત પુજાની પદ્ધતિ અથવા તો જેને ગુરૂ શિષ્યની રીત એટલે સુધિ વિકસિત હતી કે ઉપનીષદો અને બ્રહ્મ સુત્ર ઇત્યાદિ તેનાંજ ફળો હતાં પૂર્વ. ગુરૂકુળની પ્રણાલિકા દ્વારા શિષ્ય પોતાના ગુરૂચર્ણ નીકટ બેસી મા બાપ કરતાં પણ અષ્ટ દરજે પ્રેમે કરી તે જે જ્ઞાનામૃત વચનોને ઇશ્વરી લેખ તરીખે પોતાના હૃદયમાં સ્થાપન કરતા અને તેજ પ્રમાણે ગુરૂઓ પણ શિષ્ય તરફ વાત્સલ્ય ભાવ સંબધ રાખતા હતા. તૈતરિય ઊપનિષદમાં કહ્યું છે કે. **आचार्यपूर्वरुपअन्तोवास्युत्तररूपं सहनाववतु ह.** માટે તેવી રીતે શુદ્ધ પ્રેમે વર્તવું જોઇએ. બીજું મુર્તિ પુજા માટે આગળ જણાવ્યું છે માટે એવું સમજીને જે પ્રીતીપુર્વક સ્મરણ કરે છે તેઓનો પરમેશ્વરમાંજ વાસ છે એમ સમજવું.

લી. વી. ડી. દવે.

સંગિત

શાંન્તિસરોવર.

ભાગ ૧ લો.

ગોરી ત્રીવટ.

પ્રથમ સરસ્વતિ ગુરૂ ગણેશ,
બ્રહ્મ વિષ્ણુ મહેષ મનાયે; પ્રથમ
સપ્ત શુર તીન ગ્રામ સમશુર તીન ગ્રામ,
એકવીસ મુર્છના તાનન પ્રમાન,
જાદવરાએ પ્રથમ સરસ્વતિ.

૨ યમનકલ્યાણ.

પ્રથમ ગણેશ યાહીકો નામ લેતું,
બિઘ્ન હરન દુઃખ ભંજન;
એક રદન ગજવદન લંબોદર બિનાયેક,
કૃપાસાગર ગુણાગર. પ્રથમ.

૩ યમન કલ્યાણ ધ્રુપદ.

હે દીનબંધુ તું પરમેશ્વર પરબ્રહ્મ પરમાત્મ,

પુરૂષ નારાયણ—ગોવીંદ મધુસુદન;
દામોદર જગજીવન જગન્નાથ.
દાતા જગત ગુરૂ જગત પતિ અધમ ઉધારન,
પરમાનંદ કેશવ કેશીદલન પદ્મનાભ;
કમળાપતિ તુમહી રાખો લાજ મોરી.
ઓ દીન પતિત પાવન-હે દીનબંધું,
તુમકો કહતહે સબ નંદજીકે લાલ;
અબ હમ ધીર ધરૂ ચીર દેવ પાય પડુ.
કાલી અગમ-હે દીનબંધુ તું પરમેશ્વર.

૪ બહાર ત્રીવટ.

બરજો નહિ માનત બાર બાર,
જબમેં જાત સખી દધી બેચનકો;
બાજત કંકર મારમાર. બરજો.
લે લકુટી મટુકી મહિ પટકત,
ઘુંઘટ દેખત ઠાર ઠાર. બરજો.
હરવા તોરત ગરવા લગાવત,
કરત કંચુકી તારતાર. બરજો.
કપટી કુટિલ કઠોર ઘનસ્યામ ઘન,
દેખત છબી તરૂ ડારડાર,
આત્મારામ વ્રજરાજ હઠીમો.
બયઠગયો મેં હારહાર. બરજો.

૫ હોરી. દીપચંદી.

ભજીલે મન કૃષ્ણ મોરારી, અવર સબ કામના ટારી,

માત તાત કુલ જાત અરૂ ભૈયા તન ધન પ્રહ સુત નારી;
એહ સબ માયિક ઠાઠ સમઝકે તાહિમેં મત કર યારી,
જાણી ભય કાળકો મારી ભજીલે૦
ભવસાગરમેં બહુવિધ ભટક્યો લક્ષચોરાશી વારી,
દેહ દુર્લભ અબ આયે મિલ્યોહૈ માનવસો અવતારી;
ચેત નર ચીતમેં બિચારી ભજીલે૦
રામચરણરજ મહિમા એસો જીને અહલ્યા તારી,
ત્રિવિધ તાપ ભયા ભવજળતે પલમેં લેત ઉગારી,
સંતકે કષ્ટ નિવારી. ભજીલે૦
નિર્ગુણ બ્રહ્મ કૃષ્ણ રિપુ રણ સગુણ મુરતી ધારી,
કાજ કરન કારન નિજ જીનકે અદ્દભુત છબી સુખકારી,
પ્રભુ મન ગૈયાં ચરાઇ ભજીલે૦
અકળ અરૂપ સરૂપ કૃષ્ણ ભયે ગોસુર વિપ્ર સુખકારી,
કૃષ્ણ કૃષ્ણ મુખ જપતે હે જોજન તિન ભવ ચાદર ફારી,
કહે આત્મારામ પુકારી. ભજીલે૦

૬ ભૈરવી ત્રિવટ.

નંદકુંવરસુ નેહ લાગ્યો મને નંદકુવરસુ નેહ (૨)
મનડુ ભમેછે ઘર ન ગમેછે પરવશ પડ્યો મારો દેહ. લાગ્યો મને૦
ઘેલી થઇ ગોવીંદા પુંઠે લોક કહેછે તેં લાજ મર્યાદ મુકીછે.
સર્વની તમ વશ થઇ રહી તેહ. લાગ્યો મને૦
છેલછબીલા નંદનંદનવર જાણેતે કરજો.
આત્મારામના પ્રાણ જીવનધન દુખ સરવ હરજો. લાગ્યો૦

૭ ઠુમરી.

કાનુડે ઘેહેલી કીધી હો બાઇ મને કાનુડે ઘેલી કીધી,

વૃંદાવનને વાટે મળીયો ચેટક લગાડી દીધીરે. બાઇ૦
પાયલસરખી ઘરમાં ભમુખું મનડું મારૂં વેધી. બાઇ૦
દરદ દિવાનિ કેમ રહુ છાની કેફ મેં કૃષ્ણની પીધી,
રાતદિવસ લાગી લેહે મુજને સુરત મુરત મન લીધી બાઇ૦
આત્મારામ બલિહારી રૂપપર જાણીતી સઘળે કીધી. બાઇ૦

૮ ઠુમરી.

કોઇ દીઠો ગોવરધનધારી મુજને દેખાડો,
મસ્તક મુગટ અને કાને કુંડળ મોતીની માળા ધારીરે.
અંબુજ નેત્ર અલક રહી છુટી કરમાં બંસી ધારી,
પીતાંબર પરિધાન કર્યું છે શામ સુરતપર વારીરે.
લટકન લટકે ભાત ભાતના શણુગાર શોભે ભારી,
આત્મારામ એના મુખ ઉપર કોટીક મનમથ વારીરે. કોઇ૦

૯ ઠુમરી.

શામસલુણે મને લુટીરે બાઇ બાઇ શામ.
વૃંદાવનની વાટે જાતાં મહિની મટુકી મારી ફૂટીરે.
કર મારો પકડયો કરૈયા મારી ભાગી નવી નવી,
ચુડી મારી ફૂટીરે. બાઇ૦
આસપાસ સહુ સખીને નિહાળુ તે તો નાસીને છુટાં,
ધડકધડક મારી છાતીમાં થવા લાગી;
મોતીની માળા મારી તુટીરે. બાઇ૦
આત્મારામ વાહાલા સરવસ્વ લુટીને,
નેનથી નીર વહ્યુ છુટી. બાઇ૦

૧૦ કાફી ઠુમરી.

રે મન હરી હરી તુ ભજરે.
સગાં સહોદર સુખનાં બેલી તેની માયા તજરે.
અંતે સહાય કરે નહિ કોઇ બાંધી કમર થા સજરે. રે૦
સુક સનકાદિક નારદ સરખા ચાહે ચરણુની રજરે,
દીનદયાળ પરમ કૃપાનિધિ જેને છોડાવ્યો ગજરે. રે૦
એક પલમાં તુજને તારે, પડને એને પદરે. રે મન.
અહંમમતામાં ભુલ્યો ભમેછે માયારૂપી મદરે. પલ.
અંતે સહાય નહિ તે કોઇ, આત્મારામ સમજરે. રે મન.

૧૧ આશાગોડી.

મ્હારે પ્રીત હરીશું લાગી.
ગુરૂકૃપાથી પડળ ઉઘડીયાં નિદ્રામાંથી જાગી;
કૃપા હસ્ત શિર ઉપર મુકો મનની ભ્રાન્તી ભાગી. મ્હારે૦
જ્યાં જોવું ત્યાં હરિરૂપ દેખું બીજું શુ એ વીનાજી. મ્હારે૦
મારે માથે સ્વામિ મોટા હરિ રહ્યોછે ગાજી. મ્હારે૦
બીહુ નહિ હું બીજા કોઇથી, પ્રેમરંગમાં પાગી. મ્હારે૦
આત્મારામ ચરણુ રજ સેવક દાસદાસનો પ્યાજી. મ્હારે૦

૧૨ કાફી ઠુમરી.

સહુ હરિહરિ મુખ બોલો-હરિહરિ,
મન સ્થીર રાખી જીવ્હા ભાખી;
પ્રેમમગન થઈ ડોલો. સહુ હરિ.
સાઠ ઘડીમાં એક ઘડી તમે સે નંવ સુક્રત જોડો. સહુ૦
માત પીતા સુત કામ ન આવે તેની સંગત તોડો. સહુ૦

ગુરૂકૃપાએ સંત સમાગમ દીવસ રહ્યોછે થોડો. સહુ૦
કાલ પાસ તારા શિરઉપર તેનું બંધન તોડો. સહુ૦
આત્મારામ પુરણ કામછે હરિચરણે ચીત્ત જોડો. સહુ૦

૧૩ કાફી કુમરી.

મારૂ મન હરિશું મોહ્યું મારૂ મન હરિશું મોહ્યું,
ચાર વેદને ચૌદ વિદ્યા ખોલી ખોલી જોયું. મારૂ.
ખટશાસ્ત્ર પુરાણ વખાણે સાર હરિ રસ દોહ્યું. મારૂ.
જપ તપ વ્રત યજ્ઞયજ્ઞાદિક હરિવીના તે ખોયું. મારૂ.
કળજુગમાં હરિભજન સાર છે ગુરૂપ્રતાપે જોયું. મારૂ.
નામ પ્રતાપે પથર તાર્યાં સાગરમાં તે જોયું. મારૂ.
આત્મારામ બડભાગી તે જન હરિચરણે ચીત પ્રોયું. મારૂ.

૧૪ ભૈરવી.

આવો અવસર સાને ચુકો આવો અવસર.
ઉત્તમ નર દેહિ મળી તુજને મુખે હરિ નવ મુકો. આવો૦
હરિવિના જે વાંણી સરવે સ્વાનની પેરે ભુંકો. આવો૦
રતન સરીખી કાયા આપી બીજી જાણી સુંકો આવો૦
સ્વાસો સ્વાસ હરી નામ આવે ધમણની પેરે ફુંકો આવો૦
તન મન ધન હરી ચરણે સમરપી મોહ માયાને મુકો. આવો૦
આત્મારામ તું હરી ભજીલે બીજે રસછે સુકો. આવો૦

૧૫ કાલીગડો.

હરી શરણે રાખો અમને હરી શરણે રાખો.
કૃપાદૃષ્ટિ અવલોકન કરજો ઝાઝુ શું કહુ તમને
દીન દયાલ કૃપાળ કૃપાનિધિ વિનતી સાંભળો કરણે હરિ૦

જન મુંઢ દીન મંદમતિ મારી પાપરાશી તુ હરને. હરિ૦
માહાપતિત હું છઊ મહારાજા દયાવંત દયા કરને, હરિ૦
આ સંસારસાગરમાં બુડું બાંહે ઝાલી શ્રીધરને. હરિ૦
આત્મારામ નિજ રંક તમારો તને ગમેતે કરને હરિ૦

૧૬ બિહાગ.

મનકે મોહનલાલા આવો મેરે મનકે મોહનલાલા,
મોહનલાલા નંદ દુલારા કાંન્હા બંસીવાલા,
મુખપર વારી હું બલિહારી ભક્ત નેક પ્રતિવાલા.
નટવર નાગર કરૂણાસાગર ગેઉઅનકરચવાલા મહી.
હમકુ તારી કુંજ બિહારિ રાધા નયનકે તારા. આવો૦
ઝુન ઝુન ઝુન ઝુન નુપર બાજે મોરપીછ શીર ધારા. આવો૦
માખન ચોરત માટત તોડત ધરધર કરત બિગારા.
ગ્વાલમંડળી મધ્ય બિરાજત ગીરી ગોવરધન ધારા. આવો૦
પતિતપાવન અધમઓધારન આત્મારામકુ પ્યારા. આવો૦

૧૭ કવ્વાલી.

દેખા કોઇ પ્રાણુદા પ્યારા સાંવરીયા બંસરીવારા.
પીઆરે બીનજી તરસતા હય ચસ્મસે ખુન બરસ્તાહે
જ્વાલમજીય દરદહયે મેરી કલેજા તન બદન ઘેરા
જહાંનમે દોસ્ત નહિ કોઇ દેખાવે સાંવરા સોઇ.
જહાંહે કાંબલીકારો મુજે લે જાય વહાં ડારો,
દીવાની દર્દસે હોઇ મુજે મત છેડીયો કોઇ.
પથીક તુમ જાયે કે કહીયે સજનસે સુદ્ધ મેરી લેયો.
પીયુગી પ્રેમકા પ્યાલા મફેગી નહકે લાલા.

ગુરૂકૃપાએ સંત સમાગમ દીવસ રહ્યાછે થોડો. સદ્દ•
કાલ પાસ તારા શિરઉપર તેનું બંધન તોડો. સદ્દ•
આત્મારામ પુરણ કામછે હરિચરણે ચીત્ત જોડો. સદ્દ•

૧૩ કાફી ઠુમરી.

મારૂ મન હરિશું મોહ્યું મારૂ મન હરિશું મોહ્યું,
ચાર વેદને ચૌદ વિદ્યા ખોલી ખોલી જોયું. મારૂ.
ખટશાસ્ત્ર પુરાણ વખાણે સાર હરિ રસ દોહ્યું. મારૂ.
જપ તપ વ્રત યજ્ઞયજ્ઞાદિક હરિવીના તે ખોયું. મારૂ.
કળજુગમાં હરિભજન સાર છે ગુરૂપ્રતાપે જોયું. મારૂ.
નામ પ્રતાપે પથર તાર્યા સાગરમાં તે જોયું. મારૂ.
આત્મારામ બડભાગી તે જન હરિચરણે ચીત ખોયું. મારૂ

૧૪ ભૈરવી.

આવો અવસર સાને ચુકો આવો અવસર.
ઉત્તમ નર દેહિ મળી તુજને મુખે હરિ નવ મુકો. આવો૦
હરિવિના જે વાંણી સરવે સ્વાનની પેરે ભુકો. આવો•
રતન સરીખી કાયા આપી બીજી જાણી સુંકો આવો૦
સ્વાસો સ્વાસ હરી નામ આવે ધમણની પેરે ફુંકો આવો૦
તન મન ધન હરી ચરણે સમરપી મોહ માયાને મુકો. આવો•
આત્મારામ તું હરી ભજીલે બીજો રસછે સુકો. આવો૦

૧૫ કાલીગડો.

હરી શરણે રાખો અમને હરી શરણે રાખો.
કૃપાદૃષ્ટિ અવલોકન કરજો ઝાઝું શું કહું તમને
દીન દયાલ કૃપાળ કૃપાનિધિ વિનતી સાંભળો કરણે હરિ•

જન મુંઢ દીન મંદમતિ મારી પાપરાશી તુ હરને. હરિ૦
માહાપતિત હું છઊ મહારાજા દયાવંત દયા કરને, હરિ૦
આ સંસારસાગરમાં ખુડું બાંહે ઝાલી ઊધરને. હરિ૦
આત્મારામ નિજ રંક તમારો તને ગમેતે કરને હરિ૦

૧૬ બિહાગ.

મનકે મોહનલાલા આવો મેરે મનકે મોહનલાલા,
મોહનલાલા નંદ દુલારા કાંન્હા બંસીવાલા,
મુખપર વારી હું બલિહારી ભક્ત નેક પ્રતિવાલા.
નટવર નાગર કરૂણાસાગર ગેઉઅનકરચવાલા મહી.
હમકુ તારી કુંજ બિહારિ રાધા નયનકે તારા. આવો૦
ઝુન ઝુન ઝુન ઝુન નુપર બાજે મોરપીછ શીર ધારા. આવો૦
માખન ચોરત માટત તોડત ઘરઘર કરત બિગારા.
ગ્વાલમંડળી મધ્ય બિરાજત ગીરી ગોવરધન ધારા. આવો૦
પતિતપાવન અધમઓધારન આત્મારામકુ પ્યારા. આવો૦

૧૭ કવ્વાલી.

દેખા કોઇ પ્રાણદા પ્યારા સાંવરીયા બંસરીવારા.
પીઆરે બીનજી તરસતા હય ચસ્મસે ખુન બરસ્તાહે
બાલમજીય દરદહયે મેરી કલેજા તન બદન ઘેરા
જહાંનમે દોસ્ત નહિ કોઇ દેખાવે સાંવરા સોઇ.
જહાંહે કાંબલીકારો મુજે લે જાય વહાં ડારો,
દીવાની દર્દસે હોઇ મુજે મત છેડીયો કોઇ.
પથીક તુમ જાયે કે કહીયે સજનસે સુદ્ધ મેરી લેયો.
પીયુગી પ્રેમકા પ્યાલા મરૂંગી નહકે લાલા.

સાહેબ સુધ લીજીયો મોરી મેખાના જાનકુ તેરી,
મેરા જી દંમે મેરા આત્મારામ ચેરા તેરા.

૧૮ શામકલ્યાણ.

આજતો મોહન આઇ મળ્યા મુને વાટમાં,
સુંદર સ્વરૂપ ભાળી એક દષ્ટે રહ્યા ન્યાળી.
જમુનાજી નાહાવા જાતા વિશ્રાંત ઘાટમાં આજતો, સખી•
મુગુટકુંડળ માળ કેશરી તીલક ભાલ અલક રહી છે છુટી.
વાંસળી છે હાથમાં આજતો
કાછની કટી બીરાજે ચાખડી ચરણુ રાજે
કેડે હાથ ધરી ઉભા શોભા બની ડાઠમાં
રૂપ માહારે હ્રદયે વસ્યું કહ્યું એ ન જાય કહ્યું.
આત્મારામ જોઇમોહી નિદ્રા તજી રાતમાં. આજતો૦

૧૯ શામકલ્યાણ.

સખીરૂપ મહારે મન વસ્યું રહ્યુ મન મોહિને.
એક દષ્ટે રહી ભાળી લાગી પ્રેમની કટારી.
મુખપર બલિહારિ શાંમરૂપ જોઇને. સખી.
ઘર ધંધો નવ ગમે મન પુંઠે પુંઠે ભમે.
તન તાપ નવ સમે રાત દીન રોઇને રૂપ.
કૃષ્ણુકાળો બંસીવાળો મુજને કોયે દેખાડો,
તન મન પીડા ટારો પુછુ સહુ કોઇને. રૂપ•
દીન જાણી દયા કીજે વિનતી સાંભળી લીજે,
ચરણુ શરણુ લીજે આત્મારામ જોઇને. રૂપ૦

૨૦

આજતો શાંવરીએ વાહાલે માહારૂ દધી ચોરીયું,
ઘરમાં હું આવી જ્યારે, નાસીને આવ્યોછે ત્યારે;
ઠામઠામ પડયું દીઠું, દધી ઘ્રત ઢોલીયું. આજતો૦
છીંકાયકી હેઠે પાડયું, છાંનુ હતું શોધી કાઢ્યું,
હવે કહોને કયાં સંતાડુ, માટ માહારૂ ફોડીયું.
એવું એવું કરી જાયે સાંભળો જસોદા માયે,
કઇપેરે કહો રહેવાય, આત્મારામ બોળીયું. આજતો૦

૨૧ શોરઠ.

તારી છબી જોઇ મોહી નંદલાલ,
નંદજીનો લાલો મને વાહાલો લાગેછે;
પ્રાણુ ગણુ આધાર તારી છબી જોઇ.
લટકેસું આવે બેન બજાવે ઉર રાજી તબ ન માલ. તારી૦
સખામંડળી મધ્ય બીરાજે શોભિત શામ તમાલ. તારી૦
એવું રૂપ માહારા હ્રદયામાં રહેજો આત્મારામ બલહાર. તારી૦

૨૨ સોરઠ.

આજ હરી ઉલટ પાલટ થઇ આવ્યા ઉલટપાલટ,
રજની કહોને કયાં રમિ આવ્યા, ભોર ભયે ઘેર આવ્યા. આ૦
અટપટી પાઘતણુા બંધ છુટા ચુંદડી ઓઢી લાવ્યા. આ૦
જાસુક ભાલ લાગ્યો જગજીવન કાજલું લગાડી આવ્યા, આ૦
અરૂણુને ન ઉજાગરે ભરિયા હોઠે દાંત લગાવ્યા. આ૦
સાચી કહો મન મોહન વાહાલા, રાત રમી કયાં આવ્યા. આ૦
એ રૂપ જોઇ જોઇ હું બલહારી આત્મારામ મન ભાવ્યા. આ૦

૨૩ સોરઠ

પ્રીતમ સાચુ કહેજ્યે મ્હારા સમ પ્રીતમ.
કોઇક ભામિનીએ તમને ભુલાવ્યા ઉત્તર મુજને દેજ્યે,
વાટ જોઇ જોઈ રજન વીતી વિશ્વાસ મને ન પડેજ્યે. પ્રીતમ૦
સોકડલી ધુતારીના ધુત્યા મ્હારે મંદીર કેમ રહેજ્યે,
આત્મારામના સ્વામિ વાહાલા હ્રદયકમળમાં રહેજ્યે.

૨૪ શોરઠ.

વાહરે તુ વહેલો આવેરે, શાંમળીયા વહાલા વાહરે,
દીન જાણીને દયા કરીને, ઘડીયે ન વાર લગાવેરે. શાં;
અંતરજાંમી ગરૂડાગામી, પાસ થકી મુકાવેરે. વાહરે૦
હું બલીહારી તુમ પરવારી, આંણીવેલા ધાવેરે. વાહરે૦
સનમુખ જોજોને શંકટ ખોજ્યે, આત્મારામ પદ્ પાવેરે. વાહરે૦

૨૫ સોરઠ.

માંનની માનન કીજેરે રાધા પ્યારી માનની માન.
આ જોબન ચારનો લાહાવો જારે માગે ત્યારે દીજેરે. માં૦
મીન બાંધુ જ્યાં લગી નવ છુટે ત્યાં લગી કામ ન સીજેરે,
રજની વીતીને અડધી નીશા ગઇ ચાલ પ્રેમરસ પીજેરે. માં૦
હુંહુંહું હજીએ નવ છાંડે આજે તે શું કીજેરે. રાધા.
પંચ બાણુની આંણુએ તુજને આંસુડે કંચુવો ભીંજેરે;
શાંભળ હેલી ચાલને વેહેલી આત્મારામ પ્રભુ રીઝેરે. માં૦

૨૬ શોરઠ.

હું નહિ આવું ઘેહેલીરે સખી જાને હું નહિ આવું ઘેહેલી,

એને તો ગોપીઓ ઘણી ઘણી છાંની રાખે મુગટમાં ઘેરીરે. સખી૰
કઠોર ચીતજો કૃષ્ણજી કેરૂં પીધું છે વિષ તે નમેરીરે. સખી૰
શું કરવા હવે મુજને બોલાવે એની પ્રીત કરી દુઃખ હેલી.

૨૭ સમરણુ સોહંકા એ રાહ.

વૈષ્ણવ નહિ બાપા નહિ બાપા તુમાળા તિલક ધરે છાપા. વૈ૰
સાચી જુઠી વાણી કહીને ભોળાને ભુલાવે,
મદનો ભરતો હીંડે ફરતો ખોટાં શાસ્ત્ર કાઢે. વૈ૰
હું જાણું છું હું સમજુંછું બીજુ સરવે ખોટું,
સાધુ સંતની નીંધા ન કરેતો તિરથ વરતશુ મોટું. વૈ૰
માહારી પુજા કરો ભાવથી એવી વાત કરેછે,
અહમમતામાં ભુલ્યો ભમેછે પાપે પેટ ભરેછે. વૈ૰
કંઠી કંઠે બાંધો તમે ને બીજાને સુ ધાઓ,
આત્મારામ કહે એવા નરને રખે રદયમાં ચાહો. વૈ૰

૨૮ શાહર.

વૈષ્ણવ તે કહીએ તે કહીએ જેને રટણુ સદા ગુરૂ હેયે. વૈ૰
દયાવંત થઈ દીનતા રાખે હરિ રૂપ સૌ ભાળે,
આઠે પહોર રહે સેવા સ્મરણુમાં ખોટા પંથે ન ચાલે. વૈ૰
હરિ સેવામાં અંગ ઘસાવે ભજન કરે ભરપુર,
રાત્રી દિવસ સંગ વૈષ્ણવ કેરો નિંધાથી રેહે દુર. વૈ૰
અથવા એકે વારે લક્ષ્મી ઘરમાં આવી બેસે,
એકે વારે જાયે અથવા હર્ષ શોક નહિ લેશે. વૈ૰
હું ને માહારૂં તજીને ચાલે સહુને મસ્તક નમતો,
એવાં લક્ષણ છે ભાઈ જેને તેતો કૃષ્ણને ગમતો. વૈ૰

એવા વૈષ્ણુવ જેને મળશે તાપ ત્રિવિધના ટળસે,
આત્મારામ મુરખ નવ સમજે તે તારે ને તરસે. વૈ૦

૨૯ મુતો મારવાડરો.

તારો કાળ બરાબર ચાલે ત્યાં સુધી સરવે માહાલે. તારો૦
બાઈ ભાઇ જમાઈ ઘોડે નારી તારી વાંકે અંબોડે,
દાગીનાથી ઘુમે ઝુમે જડાવ મોતી પેહેર્યું ન ગમે;
ઘરમાં બાળક ઝાઝાં રમે ખોળામાં બેઠયાં તે ગમે,
તેડી તેડીને ચાકર ચાલે તારો કાળ બરાબર ચાલે.
સસરો તારા ઘરમાં ઠરીયો કુટીનો ખાંપણીયો કરીયો,
સાસુ પેટ ફાંદો પડીયો જાણે કુપો ઘીનો ભરીયો;
સાળી ઘરમાં આવી રહીછે ગજું ગાંડ તો એક ***,
હુકમ ચલાવે ત્યાં તાહારૂ કાંય ન ચાલે તારો૦
કારભારતો સાળો કરતો લુટી લુંટી ઘરમાં ભરતો,
બેહેકયું બોલે હાડે તરતો મર્યાદા કોની નવ ધરતો;
ગાડી ઘોડા ઉપર ચઢતો શાલ દુશાલા ઓઢી ફરતો,
મામા માશીજી ફાળો મારે. તારો૦
મુવો તુ ને સરવે ખાધું તેમાં તુજને શું ફળ લાધ્યું,
સગાં સરવેછે સુખનાં બેલી નરકમાં નાંખે હડસેલી;
ત્યારે તમે કહો ભાઈ કેનું ચાલે. તારો૦
હાથી ઘોડા સાથ ન આવે જમના દુત તુને લઈ જાવે,
આવો અવસર પામો ભાઈ રામ નામથી કરો સગાઇ;
સાથે નહિ આવે ઠકરાઇ આત્મારામ તમે હરિ સંભાળો,
જોને કાંય તારા મન વિચારો. તારો૦

૩૦ અજ્ઞાની જરા, એ રાહ.

રામ નામની કોય જાણે ખરે ગતિ રામ નામાની,
ચાર વેદ તે ગતિને નવ જાણે જાણું ગતિ રામ.
શિવશંકર ઉમારાણી રાણે પદરજની મહિમા સીલા માણ માણે,
રામબાણે પીડાતો રાવણ લોટે ત્ર્યંબક ભાગ્યું બાહુ બળ છોટે. રામ૦
સત કોટિક તો વાલ્મિક ગાયે બેસી ગુણકા વીમાન જાયે જાયે,
ગતિ રામ ખટ ચાર ને અઢારમાં છે સાર નાંમે કહી તારશાછે
અપરંપાર;
આત્મારામ એવું નામ સદા લેજો રામકૃષ્ણ વાસુદેવ મુખે કેજો કેજો,
ભવસિંધુ તરી જાય પ્રાંણી સહેજે. રામ૦

૩૧

તારક મંત્ર હરિ રામ કૃષ્ણ ગાને,
સરવ તજી ચર્ણ શર્ણ તેનો થાને. તારક૦
ત્યાંતો મનુસ્યની કથા તે કોણ ગાયે ગાયે. તારક૦
અજામેલને નામેથી જો ઉગાર્યો,
કડા તેલમાંથી સુધન્વાને તાર્યા;
નામદેવની જીવાડી જેને ગાયે,
ભક્ત પ્રહલાદની કરી જેને સાહ્ય સાહ્ય.
રૂકમાંગદને કરણા વળી કીધી,
ચંદ્રહાસજીને વિખ્યા દિધિ દિધિ. તારક૦
ધ્રુવને અવિચળ પદવી આપી,
કષ્ટ નાંખ્યું સુદામાનું કાપી કાપી. તારક૦
આત્મારામના પ્રતાપેથી તરીઆ,
રાખી ચર્ણ શર્ણ પોતાના તે કરીયા. તારક૦

૩૨

રામ ચરણ સરણ તું રહેજે મન રામ ચરણ શરણે,
આવરદા થાર ઓછું થાયછે જાયછે વિષયમાં દોડયું;
ચાર ખાંણ તારી કયમ કરી ચુકશે શું તે સુકૃત જોડયું. રામ૦
જન્મ મરણ તારૂં કયમ છુટે આયુષ ઓછુ થાશે,
શું લોભાણો વિષય સુખમાં પડસો કાળની પાસે. રામ૦
રામ ભજન શ્રાદ્ધશેવીના તારૂં કોણ સગું છે જોએ,
સમજીને જોજે તું તારૂં રખે માયામાં મોહે. તું રહેજે મન૦
અપવિત્ર તારી દેહ હરિ વીના આત્મારામ ગાને મુખે,
જેને માને તેના સમછે કરને અમેતે સુખ તું રહેજે. મન૦

૩૩

ભજ ભજ રામ રામ રામા,
રામ નામથી ગુણકા તારી અહલ્યાને ઓધારી;
બોર આરોગ્યાં શિવરી કેરાં નામ ઉપર હું વારી. તું ભજ૦
ગ્રહા પાસથી ગજ મુકાવ્યો અજામેલ ઊધાર્યો,
વિભિષણને લંકા આપી સુધનવાને તાર્યો તું ભજ૦
રામ પીતાને રામ છે માતા સગાં સહોદર ભાઈ,
આતરામ તું રામચંદ્રની રાખજે સાચી સગાઈ. તું ભજ૦

૩૪

કયા મુહા દિખલાવે ગમાર કયા મુહા દિખલાવે,
પરનારીસો પ્રીત લગાવે પીછે પીછે જાવે;
જેસા ખર અદિકે પીછે મુંમે લાતો ખાવે. ગમાર૦
પાપ કરી કરી પૈસા જોડયા આખર કામ ન આવે,

ડાર જમીમેં સીશા ડાર્યા જરા પેગ્મોન નહિ ખાવે. ગુલામ૦
આઠ પહર સાધુકી નીંદા કરતે શીશ્ર કટાવે,
રામકૃષ્ણ મુખ નામ ન લેતા ફીર દીલમેં પછતાવે. ગુલામ૦
દોઉદિકે ઘરમેં જાકે સુકી રોટી ખાવે, માંગે ભિખારી દેવે ગારી,
ઘરમેં છુપી છુપી જાવે. ગુલામ૦
મગુર જોરૂ કાહો રહેતા ધુત ધુત ધન ખાવે,
બાંધ પકડ જબ જમ લે જાવે કોઇ સાથ ન આવે. ગુલામ૦
માલ ખજાના હાથી ઘોડા સબે ધરા રહે જાવે,
જબ શીરોંપે પડે જુતિયાં તબ તેતો પછતાવે. ગુલામ૦
આત્મારામ રામ ભજલે દીલમેં હરિ સુમરે સુખ પાવે,
રામકૃષ્ણ હરિ ગોવીંદ માધવ કયું કરકે નહિ ગાવે. ગુલામ૦

૩૫

રામ ભજીલે રસના માહારી રામ ભજીલે રસના,
ખાન પાન મિષ્ટાન ખવ રૂં પીંજરામેં પડી પડી રામ ઊચારી. રામ૦
ઘડી ઘડી પલ પલસે નવ બોલો મુખમેં કલોલ કરો રહી હાડી. રામ૦
તારા શીરપર કાલ ભમેછે ચાંચ પાંખ તારી નાખસે ફાડી,
વારે વારે શું સમજાવું આત્મારામ શીખામણ સારી. રામ૦

૩૬

રામકૃષ્ણ રામકૃષ્ણ બોલરે મનુવા રામકૃષ્ણ રામકૃષ્ણ બોલ,
જમ લે જાયેગા ફીર પછતાયેગા પ્રેમ મગનસે ડોલ. મનવા૦
જ્યાં જ્યાં જાવે ફીર ફીર આવે પાપ મતિ તેં છોડ. મનવા૦
તરેમેં તેરા સાંઈ બૈઠાહે માયા પરદા ખોલ. મનવા૦
આત્મારામ ઘટઘટમેં પેખો પ્રભુકે ચરણ ચીત જોડ. મનુવા૦

૩૭

સાહેબ મેરા સોંઈ સાચા સાહેબ મેરા,
સોહં પ્રભુ બ્રહ્માંડ નીપાયા ગગન મંડળમેં દેરા. સાહેબ૦
નોબત ગાજે બાજે બાજે છતીસ રાગ ઘનેરા. સાહેબ૦
ખટ માલ મેડી જાળી અટારી નેન ઝરૂખે હેરા. સાહેબ૦
ચેરી ચેરા બોહોત ઘણેરા મીર ઉમરાવ બસેરા. સાહેબ૦
આત્મારામ કોઈ વિરલા પોહોંચે નહિ ચોરાશી ફેરા. સાહેબ૦

૩૮

તુમતો ખોત કરી મેરે સાંઈયાં તુમતો બહોત કરી,
બહોત ભેખ મેરે તુમહી છુડાયે કંચન દેહ ધરી. મેરે૦
બોલી વચન જબ બાહેર આયો અબતો કછુ ન સરી. મેરે૦
ભુલ ગયો સબ જડ મુઢ બંહકે સમજતો કછુ ન પરી. મેરે૦
બાલ તરૂણમે કછુ નહિ બુઝયો અબતો જરાસે જરી. મેરે૦
ચાહે તારો ચાહે બુડાડો બહોત ગુન્હા મે કરી મેરે૦
આત્મારામ અબે કછુ નહિ સમજ્યો ચર્ણુમેં શીશ ધરી. મેરે૦

૩૯

કહાં જાય દાદ પુકારૂ મેરી લાલન કહાં જાઈ દાદ પુકારૂ,
કહા કરૂ કીત જાઉં કોન સુનેગો કૈસે તેરે ચર્ણુમેં પાઉં. મેરે૦
મેં પાપીકી કોન સુનેગો બહોત ગુનેગાર કાઉં. મેરે૦
જહાંતમે જોઉં ઓર નાહી કોઈ જીસકે શરણમેં જાઉં. મેરે૦
હાહા હાર્યો ભટક ભટકકે તુમસે પુકાર સુનાઉં. મેરે૦
બહોત ભાર ભર્યો શીરપેં બોજ કીનકે પાસ ઉતરાઉં. મેરે૦
તેગીખાય આયો મેરે ખાવીંદ આત્મારામ પડે પાંઉં. મેરે૦

૪૦

સારી ઉમર ગુમાઇ અબતો લે લે લે ભલાઇ,
આઠ પ્રહર મન મનકા ફીરતા કયા કરતા કમાઇ;
આધી પલકમેં લેકે જાવે અવધી તેરી આઈ. સારી૦
દેખ જહાનમેં કુન હય તેરા સમજ સમજ ચલ ભાઇ,
કોડી તેરે સાથ ન આવે રાઇ ભરી ઠકુરાઇ. સારી૦
પીછે ધાવે સબ પછતાવે માઇ ભાઈ અરૂ બાઇ. સારી૦
તુટયો તાંતો ફુટયો નાતો છોડી ચલે સગાઇ,
દેતા લેતા જેતા તેતા ધુમ ધુમ ઊચ લાઇ;
મનકુ ન બુઝયો કછુ નવ સુઝયો,
આગે ફીર પછતાઈ અબતો લે લે લે ભલાઇ.
જબ તે જાયો સુખ નહિ પાયો ઊમર સબી ગુમાઇ,
આત્મારામ સમજલે ભાઇ રામકૃષ્ણ ગુન ગાઇ. સારી૦

૪૧

કયાં દોડયા તે જાવે મનુવા કયાં દોડયા તે જાવે,
પીછે બહોત પછતાવે. મનુવા૦
નાગન બેની મૃગયાનયની કાજલ માંગ સવારે,
કપોત કંઠી દાડ મહંતી હંસા ચાલ ચલાવે. મનુવા૦
કીર નાસીકા કમલ બાસિકા નાભિ કુપ સમારે,
તન સર જલ જોબનસેં ભરિયો કંબુ ભુજ ધસરે;
કદલી જંઘા કટીહે સીંઆ કુચદો પાહાડ કહાવે,
બોંડર પીઠીયે સી દીઠી બડે બડેકું ખાવે. મનુવા૦
એ બન છાંડ ઓર બન જાવો મન મૃગ ચપલ કહાવે
આત્મારામ એ બનમેં જાવે પીછે તે પછતાવે.

૪૨

ડીગર નહી તે પાવે મનુવા ડીગર નહી તે પાવે,
ભટક ભટક પછતાવે મનુવા.
રાત અંધેરી ફીરતા ફીરતા સારી ઊમર ગમાવે,
કાંટે લાગે તબ ન જાગે ચોર લુટ લે જાવે;
બાઘસિંગ ઓહોતેરે રહેતે રીછ સ્યાળ વુજ ખાવે,
કાળા સરપનો પડા બીચમેં તાકે મુખ પડ જાવે.
ભાતિ ભાતિકે પક્ષી બોલે સુન સુન તુઝે ડરાવે,
આયે પડેગી ઝપટ બાજકી તાહોકુ ઉડલે જાવે;
સરવર ગીરીવર તરૂવર ઝાડી કેસે કર નિકસાવે,
એ બનજોવે તબ તું રોવે ફીર ફીરકે પછતાવે. મનુવા.
સદ્ગુરૂ સાચા સબહે કાચા સો મારગ બતલાવે,
આત્મારામ એ બન છાંડે તબ તેરો ઘર પાવે. મનુવા.

૪૩

રૂડે મારગ ચાલોરે બિકસાનીરે બીકસાનીરે,
બને ચાર કહેછે એવી વાંણીરે;
સેવા સમરણુ કરીને દેહ જગાડોરે દેહે જગાડો,
કથા કીરતને ભજને કાંન ઊઘાડોરે ઉઘાડો.
સારાં કર્મ કરી દીન ગાળોરે દીન ગાળોરે,
બ્રાહ્મણુ સેવા હરિ સેવા ગુરૂ ભાળોરે હરિ ભાળો;
સંસારમાં અસાર સાર તે શુંછે રે સાર શું છેરે,
જેથી તરીયે તે ગુરૂને જઇ પુછેરે.
બીજી મીથ્યા વાણી સરવે મુકો રે બાપા મુકોરે,

આવો અવસર પામી શાને ચુકોરે શાને ચુકો;
રામ કૃષ્ણ ગોવીંદ વાણી બોલોરે, વાંણી બોલોરે,
આત્મારામસે નવ સુકૃત જોડોરે સુકૃત જોડોરે.

૪૪

જુઠું સાચું કરીને માયા જોડીરે જોડીરે,
ચાડી ચુગલી કરીને કોડી કોડીરે કોડી કોડીરે;
પાંચ પચીસ હજારને લાખ કમાયો. લાખ કમાયો,
કોટી અબ ખરબ તોયે નવ ધરાયોરે નવ.
પૃથ્વીપતિ થઈનો ઘણું સારૂરે ઘણું સારૂ,
સ્વર્ગ પાતાલનુ રાજ્ય તે મનમાં ધાર્યુરે મનમાં.
એવી તૃષ્ણા તારી તે કયમ બુઝેરે કયમ બુઝે,
આત્મારામ સંતોષે સરવે સુઝેરે સર્વં.

૪૫

ઘણા ઘણા ભોગોથી રોગ થાશેરે રોગ થાશે,
ઘણું સુખ તે ક્ષણમાં ઊડી જાશેરે ઊડી જાશે;
રાજા ચોર તણી બીક દ્રવ્યને જોડેરે, દ્રવ્ય૦
ઘણી ઘણી વીધાએ માથું ફોડેરે માથુ ફોડે.
ઇંદ્રિનો છે ભય તપસ્યા કરતારે કરતા,
ઘણા રૂપવી નારી પુરૂષ ડરતારે ડરતા.
ઘણી પ્રીત થકી શોક તણો ભય થાસેરે ભય થાસે,
શત્રુનો ભય રણમાં જુદ્ધે જાસેરે જુધે જાસે;
કયાને ભય કાળતણોછે કહીએરે કહીએરે,
નિર્ભય આત્મા રામ હરીપદ લહીરે લહીએરે.

૪૬

જુઠી કાયા માયામાં ભરમાયોયોરે ભરમાયોરે લઇ આવ્યોતો,
લઇ આવ્યોતો માંડે તે ગમાવોરે તે ગમાવોરે;
ઘણી ઘણી શીખામણુથી સમઝાવ્યોરે સમઝાવ્યો,
ત્યમ ત્યમ તુંતો જાયેછે ઊરઃ ઝાયોરે ઊ ઝાયો.
કાચો પાયો રચી ઇમારત માંડીરે ઇમારત માંડી,
સાચો છે જે તેને મુકયો છાંડીરે મુકયો છાંડીરેઃ
હમો દઇને જાસે પલમાં કાયારે કાયારે,
ધર્યું પડયું સો રહેસે જુઠી માયારે જુઠી માયા.
આત્મારામ તું સમજીલેતો સારૂંરે લેતો સારૂં,
કેસવ માધવ રસના નામ ઊચારૂરે ઉચ્ચા. જુઠી૦

૪૭

દીન દયાલ કૃપાળ કૃપા તમો કીજેરે તમો કીજે,
વીનતી અમારી ચીત લીજેરે ચીત લીજે;
ઘણું ઘણું સું કહીએ વારે વારેરે વારેવારે,
તમ વીણુ બીજું તે કોણુ તારેરે કોણુ તારે.
અનાથ બંધુ વારે વ્હેલા આવોરે વારે વહેલા,
પતિત પાવન નામ તમારૂં સાચુંરે પ્રભુ સાચું;
તે માટે હું દીન તમોને જાંચુંરે હું જાચું,
આત્મારામને રંક જાણી ઊર ધરજોરે ઊર ધરજો.

૪૮ ભૈરવી.

સાધો સબ જગ બ્રહ્મ સ્વરૂપ,
પુર્ણ બ્રહ્મ અંખડ બીરાજે અસ્થી ભાતિ પ્રીય રૂપ. સાધો૦

ગર્વ ખિલવીદ બ્રહ્મ પિછાને ત્યાગો ભ્રમ તમ કુપ. સાધો૦
એકો બ્રહ્મ નાસ્તિ દ્વિતિયા આવત વેદ અનુપ. સાધો૦
વસ્તુ એક નામ દૈ કહિએ જ્યું સાગર જળ રૂપ. સાધો૦
તરૂવર બૃચ્છ બૃચ્છ હએ તરૂવર ત્યું જગ રામ સ્વરૂપ. સાધો૦
દ્રષ્ટિ અદ્રષ્ટિ અગોચર ગોચર ચેતન રૂપ સાર સરૂપ. સાધો૦
નામ રૂપ સબ્દાર્થ હેમા પુર્ણ ચીદઘન રૂપ. સાધો૦

૪૯

સાધો સબ જગ બ્રહ્મ વિલાસ,
સત ચિત પુર્ણાનંદહે ચેતન જલથલ ધરત અકાસ. સાધો૦
એકો બ્રહ્મ અંખડ બીરાજે નિર્મળ નિજ પરકાશ. સાધો૦
નિંહ અંતર નિહ બાહિર કોઈ દુર નહિ કોઈ પાસ સાધો૦
પરમ તત્વ દ્રષ્ટિસત નિજ માંહી નહિ ઉપજે નહિ ત્રાસ સાધો૦
દુસરહુવા નહિ નહી હોગા હેમા સ્વયંપ્રકાશ.

૫૦

સાધુ સાંન્તિ સરોવર નાહાવો,
શીતળ હોય બીરાજો જગમેં તાપ ક્લેશ મિટાવો. સાધુ૦
મનકા વેગ નિવારો બલકર સહિજ અવસ્થા પાવો. સાધુ૦
જોજો વચન સુનો લોગનકા સો સો બેગ ભુલાવો. સાધુ૦
રહો એકાન્ત સાંન્તિરસ ભુંચો આતમ દ્રષ્ટિસત પાવો. સાધુ૦
નહિ દુઃખ પાવો નહિ દુખાવો નિર્ભય હોય નીભાવો સાધુ૦
શાંન્તિ સમાન તપસ્યા નાહિ ધાર હ્રદય તમાવો. સાધુ૦
શાન્તિ સખી અતિશય રસ ભીની તાસુ નેહ લગાવો. સાધુ૦
શાંતિ પદાર્થ દુર્લભ જગમે સંતનસું મીલ પાવો. સાધુ૦

શાંતિ સ્વરૂપ રહો નિસ બાસર સુધ્ધન મન કલ્પાવો. સાધુ૦
શાંતી ગૃહો તૃષ્ણા સબ ત્યાગો હરિ નિધિ પલમેં પાવો. સાધુ૦
ધૈર્ય દયા ક્ષમા શિતળતા સત્ય સંતોષ સમાવો. સાધુ૦
ક્રોધકુ ત્યાગો લોભકું ત્યાગો મમતા મોહ ભુલાવો. સાધુ૦
શાન્તી સ્વરૂપ અચળ પરમાતમ નિશદીન હૈયે વસાવો. સાધુ૦
મગ્ન રહો બ્રહ્માનંદમાંહી હેમા સહિજ સમાવો. સાધુ૦

૫૧

વિષયરસ ત્યાગો મેરે મીત.
જાન ચિત ચીતવે વિષયનકો બલ કરતાકો જીત. વિષય૦
લોભ મોહ માયા મમતાને છીણ છીણુ રોધો ચિત્ત. વિષય૦
મલિન અહાર અચારજ ત્યાગો ધારો નિર્મળ રીત. વિષય૦
વિષય આનંદ અસાર વિનાસી રાગ દૂરકો જીત. વિષય૦
બ્રહ્માનંદ સાર અવિનાશી હેમા ભુજે ચીત. વિષય૦

૫૨

રે હરિ નામ સમર મન મેરે.
વિષયનમેં સબ આેાધ બિતાઈ મરણુ ભયો અબ તેરે.
પાંઉ પ્રસાર નિદ બહુ કીની અબ તું જાગ સબેરે. રે૦
સુંદર મંદીર દેખન ભુલો ઓડીક જંગલ દેરે. રે૦
અંત સમય સબ હોત પરાયો અબહી છાંડ બખેરે. રે૦
કયા તું કરતા મેરા મેરા કો કામન આયો તેરે. રે૦
સબ મિલ રામ શરણુ તુંહા રાખે જબ દેખે યમ ઘેરે. રે૦
તાંતે સબહી સીમરો હરહર કાલ ન આવે નેરે. રે૦
શિમરન સાર જગતમેં હેમા બિન સમરણુ સબ ઝેરે. રે૦

૫૩

મેરે મનાઓકો રામ સહાઈ.
સબ જગ અપને સ્વારથ બાંધ્યો ક્યા બેટા ક્યા ભાઈ. મેરે૰
ધન સંપત સુખ સબ છણભંગુર જ્યું બાદરકી છાઇ. મેરે૰
રાય રંક સબ ખેલ સિધારે આખીર ખાક સમાઇ. મેરે૰
કહે હેમા ગોવીંદ ભજન બીન અન્તકાલ પછતાઇ, મેરે૰

૫૪

સબ સ્વારથકે યાર જગમેં સબ સ્વારથકે યાર.
માત તાત બેટા બેટી બેન્ધુ ભાઈ અરૂ નાર. જગ૰
જબ લગ દેખે સ્વારથ નિકસે તબલક રાખે પ્યાર. જગ૰
જબ દેખે સ્વારથ નહિ દેખે કોઇ ન પુછે સાર. જગ૰
ધન તો બેટા ઘર આવે બોલત જયજયકાર. જગ૰
નિર્ધનકો આદર દેવે શિરમેં ડાલત છાર. જગ૰
જબલક તેરે પાસ રૂપૈયા સબ કોઇ તેરા પ્યાર. જગ૰
નિર્ધનકો નીકટ નહિ આવે યેહ રીતી સંસાર. જગ૰
જહાંલગ તેરે ઘટમેં શ્વાસ તબલગ નામા ચાર. જગ૰
સ્વાસ ગયે કાયાકુમલાની ધરતે દેત નિકાર. જગ૰
ક્યા તું કરતા મેરા મેરા તેરા કૌન બિચાર. જગ૰
કહે હેમા તજ પ્રીત જગતકી અપના આપ સંભારે. જગ૰

૫૫

સબ જગ બાંધ્યો માયા જાળ.
અર્થે ચોકપર કપી જ્યું પ્રાંદત પરમાતમ સંભાલ. સબ૰

રાત્ર દિવસ ભટકતહિ ડોલે જ્યું બનકો બૈતાલ. સબ૦
દેખા દેખી પર સબ ભુલે યોવન વૃદ્ધા અરૂ બાલ. સબ૦
મન નટવેને બાજી પાઇ નામ રૂપ જંજાલ. સબ૦
મતાગતિ સબ સૃષ્ટી ભુલાની બિસર ગયા ગોપાલ. સબ૦
સાધુ સમાગમ કલ્પિત જાંણ્યો સગરો માયા જાલ. સબ૦
તત્વવિચાર પરમપદ પામે હેમા હોત નિહાલ. સબ૦

૫૬

મેરે મના અંતર શુન સુખ પાય.
અંતર ગત બિન સુખ નહિ રંચક મુનિવર ભૂપ સુનાય. મેરે૦
બ્રહ્મલોક લૌ સુખ સબ મિથ્યા વિષવત જાય ભુલાય. મેરે૦
દેહ અસત અનાતમ દુઃખમય તાસુ પ્રીત હટાય. મેરે૦
હ્રદય અંતર સાંન્તાતમ પુરણ હેમા નિશદીન ધાય. મેરે૦

૫૭

સાધુ તૃષ્ણા તજે સુખ પાવે.
દેહ ભાગતે જો કછુ આવે તાંસુ મન તૃપ્તાવે. સાધુ૦
હોય નિરાસ બિરાજે જગમેં મૂળ ન આશ બઢાવે. સાધુ૦
વિષયનકિ તૃષ્ણા દુઃખદાઇ. બલ કરતાહિ હઠાવે. સાધુ૦
તૃષ્ણા આગ પદાર્થ લકડી ડાલ કાહે ભડકાવે. સાધુ૦
તૃષ્ણા મુલ ન તૃપ્ત તે કબહો અઘપીકે તક પાવે. સાધુ૦
જમ સંતોષ આગવત તૃષ્ણા છીરક છીરક બસમાવે. સાધુ૦
બિન સંતોષ શાંન્તિ નહિ આવે યદ્યપિ રાજ કમાવે. સાધુ૦
ક્ષણભંગુર ધન સંપત કે કાહે મન બિગસાવે. સાધુ૦
ધાર સંતોષ શાંન્તિરસ ઝુંચો કાહે ઇત ઉત ધાવેં. સાધુ૦

તૃષ્ણાવાન સદા સુધારશ ત્યાગતાહિકું સમાવો. સાધુ૦
નીત સંતુષ રહો મનમાંહી હેમા સહિજ સમાવો. સાધુ૦

૫૮

મેરે મના આતમતત સંભાર.
અચળ અભેદ અખંડ અનામય સતચિત આનંદ સાર. મેરે૦
દેહ પ્રાણ ઇંદ્રીય ચિત બુદ્ધિ મિથ્યા જાન બિસાર. મેરે૦
પુર્ણબ્રહ્મ નિહાર ક્યું સોચો ચિત્તવો શબ્દ માત્ર સંસાર. મેરે૦
ચિતકા ચિતવન સકળ ત્યાગો શેષ રહેસો ધાર. મેરે૦
સબ દ્વદ્વનકી સંધિ જોઇ સો ચિદ્દઘન ચિત સાર. મેરે૦
સબમેં સબસા સબસેં ન્યારા સબ કુછ શબ આધાર,
અંતર મુખ હુય અમૃત અચવો બાહિર મુખતા ડાર;
નિત્ય સંતુષ્ટ રહો મનમાંહિ પાવન રહિત વિકાર. મેરે૦
જાગૃત સ્વપન સુષુપ્તિ તુરિયા અપના આપ નિહાર. મેરે૦
સદા આનંદ પરમ રશ ભીનો હેમાં ભુંચો સાર. મેરે૦

૫૯

ચંચળ મન નિશદીન ભટકતહે,
એજી ભટકતહે ભટકાવત હયે. ચંચળ૦
જીમ મર્કટ તરૂ ઉપર ચઢકર ડાર ડાર પર લટકત હયે.
રૂક્ત યતનસે ક્ષણ વિષયનસે.
પુનઃતી નહી મેં અટકતહયે. ચંચળ૦
કાંચ કહેત લોભ કર મુરખ,
ચીંતામણિકો પટકત હયે. ચંચળ૦
બ્રહ્માનંદ સમિપ છેડકર તુચ્છ વિષયમાં ગટકત હયે. ચંચળ૦

૬૦

પનઘટવા ઠાડો કાનજી કાનશ્રી ભગવાનજી,
બંસી બજાવત જીયા લલચાવત;
ગાઇ હર્યો મેરા પ્રાનજી પનઘટવા,
કાંધે કમરીયાં હાથે લકુટીયાં ચાલ ચલત ચીત્ત તાનજી.
પીત બસન ધારે તન સુંદર શોભા રૂપ નિધાનજી,
અવધપ્રશાદ બસો ગઇ અંતર મુર્તિ સ્યામ સુજાનકી. પન૦

૬૧

પીઓ કોઇ જ્ઞાન ગાંજેકી કલી દેખો ફીર પરમેશ્વરકી ગલી.
મહાવાકયકી કલી ચારજીને હસ્તામલકર મલી. પીયો૦
માયા બીજ અસર નિકાલ્યો ભાગ ત્યાં કર ભલી. પીયો૦
ગુરૂ શબ્દકા ગાંજી સંતો સોહં ચલ મધર કલી. પીયો૦
બ્રહ્મ અગ્નિકી આગ જલાવો કર્મ વાસના જલી. પીયો૦
સોહં સુકા રગડ મીલાવો તબ ઉડે ગલ ગલી. પીયો૦
જીવન મુકત પીવે જન જોગી બ્રહ્માનંદ રસ રલી. પીયો૦

૬૨

પીયો કોઈ જ્ઞાન ઘુંટકે ભંગ લગે જબ જગતપતિસે રંગ,
તન કર કુંડી મન કર સોટા. સુદ્ધ બુધ્ધ જન ગંગ.
સોંહ સોહંકા સાડ લગાકે પ્રીતે પ્રેમ પ્રસંગ. પીયો૦
ભરી કટોરા તત્વમસિકા પીયો સદગુરૂકે સંગ. પીયો૦
રહે ખુમારી બ્રહ્મ જ્ઞાનકો શીતળ હોય સબ અંગ. પીયો૦

૬૩ શાહાનો કનરો.

કોન રસિક હે ઇનિ બાતનકો,

નંદ નંદન બિન કાસો કહીએ સુનરી સખી મેરી દરી ભયા મનકો.
કહાં વે યમુના કલિત મનોહર કહાં વે ચંદ્ર શરદ રજનીકો. કૌન૦
કહાં વે મંદ સુગંધ અમલ રસ કહાં વે ષટ્પદ જાતનકો,
કહાં વે સેજ પોઢી તો વનમે ફૂલ બિછોના મૃદુ પાતનકો;
કહાંવે દરસ પરસ પરમાનંદ કોમલ તન કોમલગા તનકો. કૌન૦

૬૪

ભરોસો દાન દૃઢ ચરણુન કેરો.
શ્રીવલભ નખ ચંદ્ર જટાજુટ બિનું સબ જગમાંહી અંધેરો,
સાધન ઔર નહિ આ કલિમેં જાસોં હોત નિવેરા. ભરોસોં૦
સુર કહા કહી દુવિદમાં ધરે વિના મુલકો ચેરા. ભરોસોં૦

૬૫

વ્રજકે બિરહી લોક બિચારે.
બીન ગોપાલ ઠગે સે ઠાડે અતી દુર્બળ તન સારે. વ્રજકે૦
માત જસોદા પંથ નિહારત નિરખત સાંજ સવારે. વ્રજકે૦
જો કોઇ કાન કહી બોલત અંખીઅ વહત પનારે. વ્રજકે૦
યહ મથુરા કાજલકી રેખા જે નિકસે તે કારે. વ્રજકે૦
પરમાનંદ સ્વામિ બીન એસે જેસે ચંદ બીન તારે. વ્રજકે૦

૬૬

ગાવત ગોપી મધુ વ્રજબાની,
જાકે ભુવને વસત ત્રીભુવન પતિ રાજા નંદ યશોદા રાની;
ગાવત વેદ ભારતી ગાવત ગાવત નારદાદિ મુનિ જ્ઞાની. ગા૦
ગાવત ગુન ગંધર્વ કાળ શીવ ગોકુલનાથ માહાતમ જાની. ગા૦
ગાવત ચતુરાનન નંદ નામ વ ગાવત શેષ શહસ્ત્ર મુખ વાની;
મન ક્રમ વચન પ્રિત યહ અંબુજ અબ ગાવત પરમાનંદ પ્રાની.

૬૭

આયે મેરે નંદ નંદનકે પ્યારે,
ભાલ તીલક મનોહર બાનો ત્રિભુવનકે ઉજીયારે;
પ્રેમ સહત વસત મન મોહન નેકહુ ટરતન ટારે. આયે
હૃદયકમળ કેમદય બિરાજીત શ્રીટંજરાજ દુલારે. આયે૰
કાહા જાનો કોન પુન્ય પ્રગટ ભયો મેરે ઘર જો પધારે. આયે૰
પરમાનંદ પ્રભુ કરી નોછાવર વારંવારહો વારે. આયે૰

૬૮ ધનાશ્રી.

તુમારે મિલન બિન દુઃખીત ગોપાલ.
અતિ આતુર વ્રજ સુંદર પ્યારે વિરહી હાલ બેહાલ. તુમારે
શીતળ ચંદ્ર તપ ન ભયો દાહતાકરણુ કમળ જનુ જાલ તુમારે૰
ચંદન કુસુમ સહાય ઘન સાર લગત બહી જવાલ.
ભાનુદાસ પ્રભુ નન ધન તુમ બિન માનો સુખી જીવ આકાલ. તુમારે૰

૬૯

રામ ભજ રામ ભજ ભજ મન બાવરે રામ ભજ.
જીને તેરો જન્મ દીયો વાંકો તેં ભજન કીયો,
અવસર ચુકયો બધો ખોયો સબ દાવરો રામભજ૰
બોલનેકુ જુંબા દીની સુનનેકુ કાનરે.
દેખનેકું આંખો દીની ચલનેકું પાઉરે, રામ ભજ૰
સ્વપનામેં રાજ પાયો, પાયો સુખ ચેનરે.
જગત ભીખારી ભયો ખુલ ગયો નેનરે, રામ ભજ૰
કહેત મલુકદાસ તજદો બિરાની આસ.
ગગનમંડળ મધ્ય હોતહયે પ્રકાશરે. રામ ભજ૰

૭૦

દેખ ચરિત મોહે અચરજ આવે૦
જો કરતા જગપાલક હરતા સો અબ નંદકો લાલ કહાવે.
બીન કર ચરણુ શ્રવણુ નાશા દગ નેતિ નેતી જાકો શ્રુતિ ગાવે. દેખ૦
તાક્ષ્રે પકર મહરી અંગુરિતે આંગનમેં ચલીયો શીખરાવે.
બ્રહ્મ અનાદિ અલક્ષ અગોચર જ્યોતિ અજન્મ અનંત કહાવે.
સો શશીવદન સદન સો ભાકો નંદ રાની નીજ ગોદ ખિલાવે,
જાકે ડર ડોલત નભ ધરણી કાલ કરાલ સદા ભય પાવે. દેખ૦
સોઇ આજ બાંધ્યો ઉખલતે નિરખત કો સઘરો વ્રજ ધાવે દેખ૦
પુરણ કામ ક્ષીરસાગર પતિ માંગ માંગ દાધ માખન ખાવે, દેખ૦
આત્મારામ સદા નારાયણુ પ્રેમકી મહિમા પ્રગટ દીખાવે. દેખ૦

૭૧ હોરી.

રટરે મન શિવ ત્રિપુરારિ અવર સબ કામના મારિ.
ઊત્તમ અંગ ગંગ જીન શોભત જટાજુટ વિસ્તારિ.
પંચ વદન ઇંદુ કર રાજત શિતળ અતિ સુખકારિ,
અર્ધ અંગ શૈલકુમારી રટરે મન૦
ભુષણ વ્યાલ ભાલ ત્રિનયના અપના અગમ અપારી.
દયાસિંધું દાતા સબ ઇચ્છિત બ્રહ્માદિક ભય હારિ,
અખિલ યહ શ્રૃષ્ટી પ્રસારી ભજરે.
બ્રહ્મા રચત યહ વિષ્ણુ જો પાલત શંકર સર્વ સંહારિ,
નિરાકાર સોહં પદમે નિત રાખત બરસ હજારી.
સમાધિ કબુ ના ઉતારી રટરે૦
અગમ અગાધ અગોચર ઇશ્વર શિવપદ શ્રુતિ જન લેત વિચારી,

સો સબ સબસોં ઐસે કહતહે દ્વૈત ભાવકો નિકારી.
દેવ કૃષ્ણ અતિ અનુસારી. રટરે૦

૭૨

સદગુરૂ સત ગ્યાન બતાઇ મગન મન ભયો તા માંહી.
ભેદ અભેદ કછુ નહિ જામે અયેસો ભેદ બતાઇ,
આનંદ સાગર સાર આત્મા સ્વયં સ્વરૂપ શુનાઇ.
કહા કહે બાંની બનાઇ. સદગુરૂ૦
કરમે કાગદ લેખન લેકે લિખન લગે ચતુરાઈ,
રૂપ નામ અચ્છરકે જાનો સ્યાહીમે અછર નહિ.
નામ રૂપ જગમેં પરિપુરણુ બ્રહ્મ સદોદિત આંહી.
બ્રહ્મમેં જગન જણાઇ. સદગુરૂ૦
અસશંકાપ્રતિ શ્રીગુરૂ બોલે વેદ શ્રુતિ સમજાઇ.
જગતકો અભાવ કરાઈ સદગુરૂ૦
પ્રહર પાંચ ઓર તીન મિલનમેં અધરાસનપે બીઠાઈ,
સદગુરૂ દેવ કૃષ્ણુ સુ દયાનીધી ભક્તિ અમેદ દઢાઇ. સદગુરૂ૦

૭૩ ધનાશ્રી.

દયાનિધિ તેરી અતિ લખી ના ફરે,
ધનસે ધર્મસે અધર્મ અકર્મ કરે. દયાનિધિ૦
પિતા વચન મીટસે પાપી સો પ્રહલાદ કરે,
તાકે બંધ છુડાવન કારન નૃસિંહ રૂપ ધરે. દયાનિધિ૦
એક ગૌ જો દેત વિપ્રકો સો શુરલોક તરે,
કોટી ગૌરાની નગદીની સો ભવકુપ પરે. દયાનિધિ૦
વસિષ્ટહિ અતિહિ ગુણુ આગર રૂચિ રૂચિ લગન ધરે દયાનિધિ૦

સિતા હરણુ મરણુ દશરથકો વિપત્તિ વિપત્તિપરે,
વેદ વિદિત તેરો યશ ગાવે સો બલિ યજ્ઞ કરે;
તાકો બાંધ પતાલ પડાપો કૈસે શુર તરે. દયાનિધિ૦

૭૪ દ્રુપદ ભૈરવ.

જય મહેષ જટાજુટ કંઠ સોહે કાલકુટ,
જન્મ મરણુ જાય છુટ લેત નામ વાકે. જય૦
તિન નયનચંદ્ર ભાલ કંઠમેં મુંડન માલ,
સોભિત તન મૃગછાલ કટીમેં નાગ બાકે. જય૦
ગૌરિવસત સદા અંગ ભસ્મ લસત અંગ અંગ,
શિશ ગંગકે તરંગ વાહન વૃષભાકે. જય૦
કર ત્રિશુળ અરૂ કુઠાર બ્રહ્માનંદ નિર્વિકાર,
જાકે મહિમા અપાર વેદ થકે થાકે. જય૦

૭૫ ભૈરવ.

જય જય ગીરજાપતિ ત્રીપુરારી,
ઉમાધર જટાધર ચંદ્રધર ત્રિલોચન પંચધર વક્ર શુળ ધારી;
ડમરૂધર પિનાકધર ગરલ ચર્મધર શંભુહર વૃષભધર,
ચિંતામણિ ધારી સર્વ શીવ દીગંબર ગિરિશ ઇસ.
ડાકિનિ ગૌરી અર્ધાગં નાથ હિમાલય વિહારી,
મેહર ઉર કરહુ વાસ આવે નહિ દર્પ પાસ;
વ્યાલ ઔર કૃપાલ સુદ્ધ લીજીયે હમારી. જય૦

૭૬

જય ગણેશ જય ગણેશ શકલ વિધ્ન હારા,
દુઃખ હરન સુખ કરન આનંદ ઉર મોદ ભરન;

રિદ્ધ સિદ્ધ સંગ લીયે ભક્તન હિતકારી. જય૦
ધુમ્રકેતુ ગણાધ્યક્ષ ભાલચંદ્ર સર્વ રક્ષ,
વિઘ્નરાજ વિઘ્નહરન શર્ણું લીતી હારિ.
મેંતો અતિ દીનનાથ કીજે મોહી સનાથ,
શિશ નામિ જોડું હાથ શકલ કૃષ્ટ હારિ. જય૦

૭૭

જય ગણેશ ગીરજાકે દુલારે
એકદંત મતિ વિશાળ સોત શિંદુર ભાલ,
મોતનકી કંઠ માળ નયનાંરતનાંરે.
સુમુક્ષશ્ય દયાવંત લંબોદર વિનાયક.
વિઘ્ન હરન ગજ મુખ રિધિ સિદ્ધિ પ્યારે.

૭૮

કમળ કાંન્ત કમળ નયન કમલાસન કમલપાદ
કમળ મુખ કર કમળા રટું હું કેશવા,
તરણ જગત ભરણ ભગત અશરણ શરણ કરત
ધરત મુનિવર નરેશ ધ્યાન માધવા,
શયન સુદ્ધ શેષાસન નારદ તુંબર કરે ગાન.
ગરૂડગામી ગીયમાન ધ્વસ દાનવા. કમળ કાંન્ત.

વે. દ. દવે.

૭૯

ધન્ય દેવ પૂર્ણ બ્રહ્મ. પ્રાણેશ્વર દીનબંધું.
દયાસિંધું કરૂણાનિધિ. ચિત વ્યથા વારી. ધન્ય૦
ભગવજ્જન હ્રદિયભૂષણ પાવન પ્રભુ જગજીવન.

પાપ ગતિ પરમ શરણ આશ્રિત ભય હારિ. હો ધન્ય૦
અચ્યુત આનંદધામ સત્યાશ્રય સત્ય કામ
જાગૃત જીવંત દેવ સેવક શર્ણ ધારી
જ્ઞાનાનળ દીપ્યમાન હ્રદાધાર હ્રદયેશ્વાર,
હિત કારણ હરિ કૃપાળ ભક્ત મન વિહારી.
અવીનેશ્વરપુરાણ પુરૂષ ભગવાન ભક્ત વત્સલ,
કલ્યાણ અનંત વિશ્વ ભુવન ધારી
જીવિતેશ હ્રદય રત્ન પરમાત્મન પરમ પુરૂષ,
સદાનંદ જગદ્દગુરૂ જગજીવન કારી. હો૦

૮૦ ભૈરવી.

તુમેરે પ્રાણ આધાર પ્રભુજી,
ઉઠત બૈઠત સોવત જાગત રટતહું વારંવાર પ્રભુજી૦
ગોરસ મધુરસ ઇક્ષુરસ સુધારસ,
નવરસ સર્વ અસાર. પ્રભુજી૦
ભક્ત મયુર કૃપાઘન ઇશ્વર,
જગદીશ્વર જગધાર. પ્રભુજી૦
સુખ દુઃખ મનકી સબહી બર્થા,
તત્ત્વમસિ તુમ સાર. પ્રભુજી૦

વે. દ. દવે.

ભૈરવી ત્રીવટ. ૮૧

દરમાંદે ઠાડે દરબાર,
તુજ વિન સુરત કરે કો મોરી દરસન દીજે ખોલ કમાડ;
તુમ ધન ધની ઉદાર ત્યાગી સરવનસુ નિયતસુજસ તુમ્હાર,

માંગો કાહે રંક સબ દેખો તુમ્હીતે મોરી નિસ્તાર.
કહે કબીર તુમ સમરથ દાતા ચાર પદાર્થ દેતન વાર. ૬૨૦

૮૨ કામોદ કલ્યાણ.

જયતિ નવ નાગરી કૃષ્ણ ગુણ આગરી શકલ ગુણશાગરી દીનતભોરા,
જયતિહરિ ભામિનિ કૃષ્ણ ધન દામિનિ મત્ત ગજગામિનિ નવકીશોરી;
જયતિ શૌભાગ્યમણિ કૃષ્ણ અનુરાગણિ શકળ પ્રીય મુકુટમણિ સુખ સલીજ,
દીજીએ દાન યહ વાસકિ સ્વામિનિ કૃષ્ણસુ બહુ નહિ માન કીજે.

૮૩ રાગ કેદારો.

સુનિ ધુન મુરલી બાજે હરિરાસ રચ્યો,
કુંજ દ્રુમ બેલિ પ્રફૂલીત મ ડળ કંચન મણિ રચ્યો;
નૃતતયુગલકિશોરી યુવતિ જન રાસ રાગ કેદારો રચ્યો,
હરિદાસકે સ્વામિ શામ કુંજબિહારિ નિકટી આજ ગોપાલ મચ્યો.

૮૪ ઠુમરી. તુમસે લાગી નજરીયાં.

બંસીવાલે તુ મેરી ગલી આજારે,
તુજ બીન દેખે કલ ન પડનહય;
ટુક મુખડા દીખલા જારે. બંસી વાલે૦
રૈન દીન મોહે ધ્યાન તિહારો.
બંસીકી ટેર સુના જારે. બંસી વાલે૦
ચરણ દાસ શુકદેવ પિયારે,
મેરોહિ માખન ખાજારે. બંસી વાલે૦

૮૫ શામકલ્યાણ દાદરો.

બાંસરી બજાઇ આજ રંગસો મુરારિ,
શિવ સમાધિ ભુલ ગયે મુનિ જન હિતકારી.

વેદ ભણુત બ્રહ્મા ભુલે ભુલે બ્રહ્મચારી. અં૦
સુનતહયે આનંદ ભયો લાગીહે કટારી.
યમુના જલ ઉલટ ભઇ સુધનાં સંભારી.
રંભા સબ તાલ ચુકે ભુલી નૃત્યકારી. બંસરી૦
શ્રી બૃંદાબંન બંસી ભજી તિન લોક પ્યારી
ગ્વાલ બાલ મગન ભયે બ્રજકી સબ નારી.
શુરસ્યામ મોહિની મુરત નટવર વધુધારી,

૮૬ કવ્વાલી.

નયનમેં રૂપ આકે હમરે સમારહા હય.
ઘટ ઘટમેં વોહ સાંવરીયા રંગત દિખા રહાહય.
મોરલી બજાકે કાના હમકો કીના દીવાના,
જોગી બનાકે મુઝકો દર દર ફીરા હયે.
સખીયાં સુનો હમારિ જાયેગી બે કરારી,
પરદા ઉઠાય સાબેર સુરત દીખા રહાહે.
ખીંચતા હય દીલ હમારા દુરી નહિ ગેંવારા,
શાયેદ હમારા પ્યારા હમકો બુલા રહાહયે
ઘટમાં લગીહે હોરી સુરત દીખાદે બોરા.
દીપક બનાકે કાના તું કયોં જલા રહાહયે.

૮૭ આશા દાદરો.

જમુના કીનારે કીશન બંસરી બજાવે,
તોરી મુરલીકી ધુન સુન નિંદ ન આવે
સારી ગોકુલ ઢુંઢ મે ફીરી કીસન મન ભાવે.
અયસી કૌન મીલી ધુતારી સ્વામિ લુભાવે,

સુન જસોદા તેરા કાન મોરી લાજ લુટે,
કછુ કરજોડી તોભી ન છોડે મોહે સતાવે.

૮૮ શામ કલ્યાણ દાદરો.

આજ સખી શ્યામ સુંદર બાંસીઆ બજાવે,
મોર મુગુટ શીર ચઢાયે પગમેં નૂપર સોહાયે;
બેસી મુખમેં લગાયે મધુર મધુર ગાવે,
યમુનાકો રોકત વાર વિટપનકી ઝુકત ડાર.
ધેનુ મુખ ઘાસ ડાર ધ્વનિમેં મન લાવે,
બ્રહ્મા શુર રાજ શેષ શંકર ગૌરી ગણેશ;
ધાર ધાર મનુંજ વેષ વૃંદાવન આયે. આજ૦
બંસી ધુન સુન અપાર બ્રજકી સબ ચક્તિ નાર,
કાજ સદનકે વિસાર બ્રહ્માનંદ પાવે

૮૯ ભેરવી ત્રીવટ.

તોહેં સમજાવન મેં પચ હારી,
દુધ દહી માંખણ બહુતેરા તુરિત સે જાત ગવાંરી તોંહે૦
નીત ઉઠ દીન ઉરાનો આવત ચોરીકી બાતતેં નાહિ વિસારી,
સુરકે પ્રભુ કું બિહાર કરૂંગી તન મન ધન તોપે બલહારી.

૯૦ શારંગ ચોતાલ.

હે જાકો બેદ રટત બ્રહ્મ રટત શંભુ રટત શેષ રટત,
નારદ સુક વ્યાસ રટત પાવત નહિ પાર. જાકો૦
ધ્રુવ જન પ્રહલાદ રટત કુંન્તીકે કુંવર રટત,
દ્રુપદ સુતા બાલ રટત અનાથ પ્રતિપાલરી, જાકો૦

ગજ ગુનકા ગીધ રટત ગૌતમકી નાર રટત,
રાજ રમન રટત દે દે કર તાલ,
નંદદાસ સોઇ ગોપાલ ગીરવરધર રૂપ રસાલ,
જસોદાકો કુંવર પીયારી રાધાકા આધાર. જાકો૦

૯૧ શારંગ ચૌતાલ.

બેઠે હરિ રાધે સંગ કુંજ ભુવન પનો રંગ.
કર મોરલીધર શારગ મુખ ગાયરી. બેઠે૦
મોહન અતહિ સુજાન શકલ કળા ગુણુ નિધાન,
જાનપુજ એકતાન સુકકે બજાયેરી. બેઠે૦
પ્યારી જબ ગઈ હો બીન શકળ કળા ગુણુ પ્રવિણુ,
અતિ નવિન રૂપ સહિત વનિતા સુહાયરી. બેઠે૦

૯૨

મન કયું મોહ્યોરી મેરો મોહન પીયુને,
સુરત શકલ સબ સુધ બુધ વિસરી.
સ્થીરતા રહત નહી જીવને. મન૦
દગન લગ્યો રહિત ત્રીભંગીયાકે,
ચરણુ કમળ કૈસે છુવને. મન૦
બંસીબટ વહાં લે ચલ બીન નીધ,
ઉન બીન પ્રાંણુ કયુ નિંદના. મન કયું૦

૯૩

શ્રીગોપાલલાલ પ્યારે મુખડા બતાકેજા,
અખીયા દર્શદી પ્યાસી ટુક પ્યાસ બુઝાતાજા.
મારોં મુંહ જીગરમેં ખંજર ટુંક ઘાસીલા તાજા,
આત્મારામકે પ્રીતમ પ્યારે મેરે ઘરકુ આતાજા.

૯૪

મેરે મન કૃષ્ણ કૃષ્ણ તું સુમરન કરરે હે અઘહરન.
આગે અરૂણુ દીનો તોહે કીરત બિસ્તાર
નયન નિસ્તાર જગતકો નામ પ્રકટ કરરે.
શંખ ચક્ર ગદા પદ્મ ભક્તકા રક્ષણુ કરે,
હિરણ્યકંશ નખકરહ કાં પ્રેહલાદ ઉગારે;

૯૫ બિહાગ.

ગોવીંદા બનમાલી ભજ ગોવીંદા,
કૃષ્ણુ કૃપાળું કમળાપતિ કેશવ,
કંશ કાળ મુરારી ભજ મન ગોવીંદા.
ધરણીધર દામોદર ગીરીધર,
શંખ ચક્ર કર ધારી ભજ મન ગોવીંદા,
ગોપીનાથ ગોકુલપતિ માધવ.
મધુસુદન મન હારી, ભજ ગોવીંદા.
વ્રજ વલભ વૈકુંઠપતિ શ્રીપતિ.
બેની રામ હીતકારી ભજ મન ગોવીંદા.

૯૬

ગોડ શારંગ.

ઉધોજી જાયે કહીયો વાયે શાંમસુ,
હમ બીજ બિનતા બિસાડ ડારી,
કુબજાસું રમ્યો આહુ જામસું,
જીનકું જન તેરે ફીલ કરતહયે.
તીનકુ જનકું બીસર ગયે ધામસું,

ધોંડીકે પ્રભુ તુમ બહુ નાયક,
હમે જીવે તેરી નામસું, ઉધો૦

૯૭ ધનાશ્રી દ્રુપદ.

ગોપીનાથ ગોપાલ ગોપ પત ગોકુલેશ ગોવર્ધનધારી,
ગોવીંદ ગરૂડગામી ગજતારણુ ગુણાગર. ગોપી૦
કૃષ્ણુ કૃપાળ કહાંન કમળાવર કમળનેનકે શીરીદ્ર,
કાળીનાથ કંસ હરન કરૂણાનિધિ કીરતાર. ગોપી૦
કેશવ કલ્યાણુ કિસોર કુંજબિહારી કામરૂપ કરૂણાકર,
જગત ભરન જગત તારન જગકર જગત ઇશ,
જગનાયેક જગગુરૂ જગન્નાથ જનાર્દન જ્યોતિરૂપ ઉજાગર,
મન મોહન મધુસુદન મંગલ મુકુંદ મોહન,
મોરલીધર માધવ સેવક ગુલાબકો દીજીયો,
સંપત સંતત સબબિધ જ્ઞાન ધ્યાન સુખ સાગર,

૯૮ ધનાશ્રી.

મુઢ તેરી મેરી કરતે જનમ ગયો.
બાર બરસ બાલાપન ખેલ્યો બીસ બરસ કછુ તપ ના કીનો,
તિસ બરસ હરિ નામ ન સમર્યો તે ફીર પસ્તાયો વૃદ્ધ ભયો. મૂઢ૦
હાથ પાંઉ શીશ કાંપન લાગે નેનોકી અંતર બાન કીયે.
આયોતો ચોર તેરી મેરી લે ગયો માયા રાખુ ન ઘુંઘટ ભયો,
શુકે સરોવર પારબંધાણી નેનોકી નીરબીચ શ્રાવણુ ભયો,
કહેત કબીરા સુન ભાઈ સાધુ ધન જોબન કોઇ લે ના ગયો સુ૦

૯૯ બેરારી.

આહારે યદુકુલ ભુષણુ વ્રજ જન પરિપાલનરે,

મંદસ્મીત મુખારવિંદ મુરલી વ કીરતન પરન,
ઓ ગોપી મધુ કુલ વરન વૃંદાવન વદિત પાદ વનમાલી ભુખ્નરે.
ગોવીંદા ગોવીંદા ગોવર્ધનધારીરે હે મનાવન કુલીન બિહાર,
ધરત કૃષ્ણ એ નવનવહાર વૃંદાવન નટવર નાગર,
રાધા હરિ મિલિ તુરે.

શાશા ગગરીગમ ગમપ ગમ પધની સાની.
દદદદ સાનીનીની કુકુ ધાઉ ધાઉ ધારીકીટ ધીમ ધીમ,
જંતર જતર પધનીનીશુ સ્વર રામાયેતું પ્રબંધરે, આહારે૦

૧૦૦ ગાટી.

જે સુમરત શિવ શિવ કરત ત્રેત્રીસકોડ મહાદેવ,
તોહા નામ જપત પારવતિ પતિત પાવન પત્ર ગરહેતુ તનકી. સુ૦
ત્રિલોચન ત્રયતાપહર ત્રિશુલ ધરત્તત મોક્ષ ત્રિપુરારી,
મન મહેષ દેશ કિન્નરનરેશ જયુંપન્ચોંધ ધાવન,
શોધ ફલ પાવત હેતુ આર્તત. જે સુમરત૦

સમાપ્ત.

સંગીત વાણિવીણાભિધાન.

રાગમાલા ભાગ ૧ લો.

જેની અંદર દરેક રાગના દ્રુપદો, ત્રીવટ, દીપચંદી વિગેરે તાલો સહિત અને તે શીવાય ખ્યાલો કવ્વાલીઓ, ગજલો, લાવણીયો, મળી બેહજાર ભક્તિ રસથી ભરપુર સુંદર પદો સાથે થોડા સમયમાં છપાઇ બહાર પડશે. અગાઊથી ગ્રાહક થનારાઓ પાસેથી રૂ. ૧ાા પાછળથી રૂ. ૨) લેવામાં આવશે.

વી. ડી. માસ્તર.

શારદા ક્રિડન કલ્બ.

સીદ્ધપુર.